શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ

એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૨૧/૧૦/૨૦૨૦નાં રોજ **ONLINE WEBEX MEET** નાં માધ્યમથી યોજાયેલ ૬૯મી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૬૯મી બેઠકનું તા.૨૧/૧૦/૨૦૨૦નાં રોજ બપોરે ૦૪.૦૦ કલાકે ઓનલાઈન વેબેક્ષ મીટનાં માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં એક્ઝીક્યુટીવ કાઉન્સીલની મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

1. માન.કુલપતિશ્રી- અધ્યક્ષશ્રી
2. ડૅા.કૃષ્ણપ્રસાદ નિરોલાજી
3. ડૅા. લલીતકુમાર એ. પટેલ
4. શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ
5. ડૅા. પંકજ ત્રિવેદી
6. ડૅા. આશાબેન માઢક
7. ડૅા. અર્જુનકુમાર શામલ
8. ડૅા. દશરથ જાદવ-કુલસચિવ

સૌપ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચના મુજબથી એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી.ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૬૯.૦૧ ગત ઈ.સી. તા.૨૫/૦૯/૨૦૨૦ થી આજ દિન સુધી કરેલ કામગીરીનો અહેવાલ.

ઠરાવ :યુનિવર્સિટી દ્વારા તા.૨૫/૦૯/૨૦૨૦ થી તા.૨૧/૧૦/૨૦૨૦ દિન સુધી થયેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવ્યો. સૌ મહાનુભાવોએ યુનિવર્સિટી દ્વારા કરેલ વિવિધ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૬૯.૦૨ તા.૨૦/૧૦/૨૦૨૦નાં રોજ ઈજનેરના ઈન્ટરવ્યુમાં પસંદગી પામેલ ઉમેદવારને બહાલી આપવા અંગે.

ઠરાવ : તા.૨૦/૧૦/૨૦૨૦નાં રોજ ૧૧.૩૦કલાકે યુનિવર્સિટી ખાતે ઈજનેરશ્રીના ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ હતું તે અંતર્ગત ઈન્ટરવ્યુ સમિતિ દ્વારા કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. તેમજ ઈજનેર તરીકે પસંદગી પામેલ ઉમેદવાર ભાર્ગવ રસિકલાલ પુરોહિતને નિયમાનુસાર પગારધોરણની વિગતોને ધ્યાને લઇ ઈજનેર તરીકેનો નિમણુંક પત્ર આપવાનું ઠરાવવામાં આવ્યું. પસંદગી પામેલ ઉમેદવારને સમાન પોસ્ટ માટે ૩ વર્ષ સુધી NOC (ના વાધાં પ્રમાણપત્ર) ન આપવું જેનો ઉલ્લેખ નિમણુકપત્રની શરતોમાં કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૬૯.૦૩ શૈક્ષણિક જગ્યાઓ ભરવા અંગેની જાહેરાતની બહાલી આપવા અંગે.

ઠરાવ : અગાઉની એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં મહાનુભાવો દ્વારા સૂચન કરવામાં આવેલ હતું કે શૈક્ષણિક ખાલી પડેલી જગ્યાઓને સત્વરે ભરવા અંગે જાહેરાત આપવાની કાર્યવાહી સત્વરે હાથ ધરવામાં આવે જેને ધ્યાને લઈ રોસ્ટરને પ્રમાણે જાહેરાત તૈયાર કરવામાં આવેલ. જાહેરાતમાં પ્રોફેસર કુલ જગ્યા -૧(SEBC) ,એસોસિયેટ પ્રોફેસર કુલ જગ્યા – 3(02-GEN(F),01-SEBC), આસિસ્ટન્ટ પ્રોફેસર કુલ ૨ જગ્યા(02-ST) તથા યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કૉલેજ ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર સાહિત્ય માટે ૧જગ્યા(01-GEN(F)) ઉમેદવાર એમ કુલ ૭ જગ્યા માટે આપવાની થતી જાહેરાત યુ.જી.સી. ના નિયમોને અનુસરીને ભરતી પ્રક્રિયા કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

૬૯.૦૪ તા.૧૯/૧૦/૨૦૨૦નાં રોજની બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ : તા.૧૯/૧૦/૨૦૨૦નાં રોજ યુનિવર્સિટી ખાતે યોજાયેલ બાંધકામ સમિતિની કાર્યનોંધ કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવી.જેને સર્વાનુમતે બહાલી આપવમાં આવી હતી. જેમાં બોયઝ હોસ્ટેલમાં સ્ટ્રક્ચરલ બાબતે બાંધકામ સમિતિએ રૂબરૂ મુલાકાત લેતા જે જગ્યાએ ભેજવાળો ભાગ છે તે ડેમેજ ભાગને રીટ્રો ફીટીંગ કરવું તેમજ ઉપરના બીજા માળમાં કોઈ સ્ટ્રક્ચરલ પ્રશ્નો નથી તેમજ R & B દ્વારા G+2 ડિઝાઈન હોઈ ડિઝાઈન પ્રમાણે બીજા માળ માટે કામગીરી કરવી હિતાવહ છે કે નહીં તે બાબત અંગે એક્સપર્ટ કમિટિનો ફરી રિવ્યુ લઈ આગળની કામગીરી કરવા નિર્ણય કરવામાં આવેલ તેમજ તા.૧૦/૦૮/૨૦૨૦નાં રોજની બાંધકામ સમિતિમાં લેવાયેલ નિર્ણય પ્રમાણે યુનિવર્સિટી દ્વારા રી-સાઈક્લીંગ સીવેજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની દરખાસ્ત રૂ.૩૦.૦૦ લાખની તૈયાર કરી ગ્રાન્ટ માટે સરકારશ્રીમાં મોકલી આપેલ છે. જો સરકારશ્રી તરફથી ગ્રાન્ટ ન મળે તો યુનિવર્સિટી પોતાના સ્વભંડોળમાંથી ફાયનાન્સ કમિટિમાં મંજૂરી મેળવી એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં મંજૂરી અર્થે મૂકવાનું સૂચન થયું. અન્ય તમામ બાંધકામ સમિતિના લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

૬૯.૦૫ યુનિવર્સિટીની કન્સ્ટીટ્યુટ કૉલેજ ખાતે આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.રમેશચંદ્ર શુક્લાને ખુલાસો આપવામાં માન.કુલપતિશ્રી દ્વારા સમયાવધિ વધારી આપેલ છે તેની જાણ કરવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટીની કન્સ્ટીટયુટ કોલેજ ખાતે આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.રમેશચંદ્ર શુક્લને તા. ૧૮/૦૯/૨૦૨૦ના રોજ કારણદર્શક નોટિસ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ જેનો પ્રત્યુત્તર આપવાની સમયમર્યાદા ૧૫ દિવસની તેઓને આપવામાં આવેલ હતી, જેથી રમેશચંદ્ર શુક્લજી તરફથી સદર નોટિસનો પ્રત્યુત્તર મળ્યેથી આગળની કાર્યવાહી માટે વકીલશ્રી પાસેથી માર્ગદર્શન મેળવી આગામી એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં સદર પ્રકરણ મૂકવાનું અગાઉની એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં સર્વાનુમતે ઠરાવવામાં આવેલ હતું



સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

પરંતુ રમેશચંદ્ર શુક્લાજીનો તા.૨૮/૦૯/૨૦૨૦નાં રોજ યુનિવર્સિટી આવક નં. ૮૪૦૮ નાં સદર તારીખના પત્રમાં તેઓએ જણાવેલ કે, તેમની સમયમર્યાદા ૧૫ દિવસથી વધારીને ૩ ત્રણ મહિના કરવામાં આવે તેવું જણાવેલ જેના પ્રત્યુત્તરમાં માનનીય કુલપતિશ્રીને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી એક્ટ,૨૦૦૫ની કલમ ૧૩(૫)(એ) થી મળેલ સત્તાની રૂએ લીધેલ નિર્ણયાનુસાર ૧૮/૦૯/૨૦૨૦ની કારણદર્શક નોટિસની અન્ય બાબતો યથાવત રાખી તા.૧/૧૦/૨૦૨૦ નાં રોજ સસયુ/કુલસચિવ/૪૧૬૨/૨૦૨૦નાં પત્રથી ૦૩/૧૧/૨૦૨૦ના રોજ પૂરા થતા ઓફિસ સમય સુધી વધારી આપવામાં આવેલ જે બાબતથી સર્વે મહાનુભાવોને અવગત કરી બહાલી મેળવવામાં આવેલ તથા ચર્ચા-વિચારણાને અંતે એક્ઝીક્યુટીવ કાઉન્સીલના સર્વે મહાનુભાવો દ્વારા સૂચન કરવામાં આવતા ઠરાવવામાં આવ્યું કે, કે હવે પછી કોઈપણ સમય-મર્યાદા વધારી આપવામાં આવતી નથી તેની જાણ કુલસચિવે રમેશચંદ્ર શુક્લાજીને આ ઠરાવની નકલ સાથે લેખિતમાં કરવી. આપેલ સમયગાળામાં રમેશચંદ્ર શુક્લાજી તરફથી પ્રત્યુત્તર મળ્યા બાદ આગામી કાર્યવાહી અર્થે તે પ્રત્યુત્તર એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સમક્ષ મૂકવામાં આવે.જો સમયમર્યાદામાં પ્રત્યુત્તર ના આવે તો પણ  આગળની કાર્યવાહી અર્થે તે હકીકતથી એક્ઝીક્યુટીવ કાઉન્સીલને અગવત કરવામાં આવે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬૯.૦૬ મહાનુભાવોના સૂચનો.

- મહાનુભાવ દ્વારા બી.એડ કૉલેજની માન્યતા અંગે પૃચ્છા કરતાં તેના પ્રત્યુત્તરમાં માન.કુલપતિશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે, બી.એડ કૉલેજ અંગે યુનિવર્સિટી દ્વારા કરવાની થતી તમામ કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવેલ છે .યુનિવર્સિટી દ્વારા ભૌતિક સુવિધા અંગેની વિડિયોગ્રાફી કરી NCTE ને મોકલવાની થાય છે તે નજીકના સમયમાં કરીને મોકલી આપવામાં આવશે. આગામી ૨૦૨૧-૨૧ના શૈક્ષણિક સત્રથી B.ed શરૂ થઈ જશે તેવી માહિતી આપી હતી.
- યુનિવર્સિટીના કર્મચારીશ્રીઓનો પ્રોબેશન સમયગાળો હાલ ૨ વર્ષનો છે. યુ.જી.સી. દ્વારા ૧ વર્ષ કરવામાં આવેલ છે. તે અંગે યુનિવર્સિટીએ વિચારવું જોઈએ તેમ સૂચન કરવામાં આવેલ.
- મહાનુભાવ દ્વારા સૂચન કરવામાં આવેલ કે, કોવિડ – ૧૯ની મહામારીના સમયગાળા દરમિયાન વિધાર્થીઓના હિતને ધ્યાને લઈ શાસ્ત્રી-આચાર્યનો કોર્ષ નિયત ટકાવારી પ્રમાણે ઘટાડવામાં આવે જેથી વિધાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે નહીં. તેના પ્રત્યુત્તરમાં આગામી પરીક્ષા સમિતિમાં સરકારશ્રીની સૂચના મુજબ ચર્ચા કરી નિર્ણય કરવામાં આવશે તેમ માન.કુલપતિશ્રી દ્વારા માહિતી આપવામાં આવી હતી.
- ડૅા.આશાબેન માઢક દ્વારા કવાર્ટસ અંગે પૃચ્છા કરતાં જણાવવામાં આવેલ કે, કર્વાટસ અંગે ફક્ત લઘુત્તમ સંખ્યામાં ઉમેદવારોએ લેખિતમાં અરજી આવેલ છે,જેને ધ્યાને લઈ કવાર્ટસ અંગે સરકારશ્રીમાં દરખાસ્ત કરવી યોગ્ય જાણાતી નથી તથા આ અંગે ગીર-સોમનાથ ક્લેકટર કચેરીશ્રીમાં R & B નાં કોઈ



સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

મકાન ખાલી હોય તો ફાળવવા રજૂઆત કરવામાં આવેલ છે, જેમના તરફથી હજુ સુધી કોઈ પ્રત્યુત્તર મળેલ નથી પ્રત્યુત્તર મળ્યા પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૬૯.૦૭ અધ્યક્ષસ્થાનેથી રજૂ થાય તે.

- ગુજરાત સરકાર દ્વારા સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને ઉત્થાન માટે 'ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ'ની રચના કરવામાં આવેલ છે, તે અભિનંદનને પાત્ર છે અને સરકારશ્રી દ્વારા કરેલ સરાહનીય કામગીરી માટે યુનિવર્સિટી તરફથી માન.મુખ્યમંત્રીશ્રી તેમજ શિક્ષણમંત્રીશ્રીને અભિનંદન પત્ર પાઠવવાનું સમિતિ દ્વારા ઠરાવવામાં આવ્યું.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા સર્વે મહાનુભાવોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો તથા બેઠકને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

ડૉ.દશરથ જાદવ
(કુલસચિવ)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી * વેરાવળ